પ્રેસનોટ                                                    તા.૩૦/૦૬/૨૦૦૯

ભાજપના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે.જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે ૨૦૦૯-૨૦૧૦નું બજેટ સાડા પાંચ કરોડ ગુજરાતીઓના સ્વપ્નને સાકાર કરવા સક્ષમ છે અને તે બદલ નાણામંત્રી શ્રી વજુભાઈ વાળા અભિનંદનને પાત્ર છે. ગુજરાતના વિકાસના ફળ નાનામાં નાની વ્યક્તિ અને દુર છેવાડે વસતો માનવી પ્રાપ્ત કરે તેવુ બજેટમાં આયોજન કરવામાં આવેલ છે.

રાજયની મહિલા અને બાળ વિકાસ નિતી સમગ્ર દેશ માટે માર્ગદર્શક બની છે અને તે પૈકી વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટે ૭૩૦ કરોડની જોગવાઈ કરેલ છે. ૧,૮૦,૦૦૦ બી.પી.એલ કુટુંબોને વિના મુલ્યે વિજ જોડાણ આપવાની, શહેરોની ઝુંપડપટ્ટીઓમાં ૧,૧૦,૦૦૦ વિજ જોડાણ આપવાનું તથા ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન ૧૧,૧૬૪ મેગાવોટનો વિજ ઉત્પાદન કરી રાજયને વિજળીમાં સરપ્લસ બનાવવાની જોગવાઈ કરેલ છે.

પ્રવાસન ક્ષેત્રે ગુજરાતને આગળ લાવવા બજેટમાં ધરખમ પગાલાં સુચવાયા છે. જેમાં સ્વર્ણિમ જયંતિ સોરઠ વિકાસ યોજના શરૂ કરાશે તેમજ પ્રાચીનત્તમ શહેર જુનાગઢના પ્રવાસન વિકાસ માટે જુનાગઢ સરકીટ વિકસાવવાનો રાજય સરકારનો નિર્ણય આવકારદાયક છે.

ગ્લોબલ વોર્મીંગને ધ્યાનમાં રાખીને કલાઈમેન્ટ ચેન્જ નામનો અલગ વહીવટી વિભાગ બનાવવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે, આવો અલગ વિભાગ બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજય છે.

અંતમાં શ્રી જાડેજાએ જણાવ્યુ છે કે જનજીવનના દરેક ક્ષેત્રમાં વૈશ્વિક ધોરણ સ્વીકારી જીવનમાં ગુણાત્મક પરિણામો આવે તેઓ ગુજરાત સરકારનો દૃઢ નિર્ધાર છે.